# વિશ્વના સૌથી મોટા અવાજનો રેકર્ડ ઓસ્ટ્રેલિયાના જોસેફના નામે

**કેનબેરામાં** રહેતા જોસેફ મેકગ્રેઇલ ઢંઢેરો પીટવાનું કામ કરે છે

**૧૨૨.૪** ડેસિબલનો તીવ્રતાનો અવાજ કાઢીને નવો વિક્રમ સ્થાપ્યો, નોર્થ આયર્લેન્ડની શિક્ષિકાનો ૧૨૧.૭ ડેસિબલનો રેકર્ડ તૂટ્યો



મેલબોર્ન, તા. ૨૩(એપી): ઓસ્ટ્રેલિયાના એક પ્રોફેશનલ એર કંડિશનર ક્લીનર અને માનદ 'ટાઉન ક્રાયર'(નગરના ઢંઢેરા પીટનાર) જોસેફ મેકગ્રેઇલ-બેટઅપને વિશ્વના સૌથી મોટો અવાજ ધરાવતા(લાઉડેસ્ટ) વ્યક્તિ તરીકે માન્યતા આપવામાં આવી છે.

ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સે ગયા અઠવાડિયે સ્વીકાર્યું હતું કે કેનબેરાના ૫૮ વર્ષીય રહેવાસીએ કોઈ વ્યક્તિ દ્વારા અત્યાર સુધીની સૌથી મોટેથી પાડેલી બૂમ રેકોર્ડ કરી છે. તેમણે ૧૨૨.૪ ડેસિબલની તીવ્રતા પર નાવ (now - અત્યારે) શબ્દની બૂમ પાડી હતી. આ સાથે જ તેમણે ૧૯૯૪માં ઉત્તરી આયર્લેન્ડની શાળાના શિક્ષિકા અન્નાલિસા ફ્લેનાગન દ્વારા સ્થાપિત ૧૨૧.૭ ડેસિબલનો અગાઉનો રેકોર્ડ તોડી નાખ્યો છે. અન્નાલિસાએ કાન ફાડી નાખે તેવી રીતે ક્વાઇટ(શાંતિ રાખો) શબ્દની બૂમ પાડી હતી. મેકગ્રેઇલ-બેટઅપનો આ અવાજ ચેન શો (કરવત), ટેકઓફ કરી રહેલા જેટ એરક્રાફ્ટ અને નજીકથી સંભળાતા એમ્બ્યુલન્સના સાયરનની અવાજની શ્રેણીમાં આવે છે. મેકગ્રેઇલ-બેટઅપે મંગળવારે જણાવ્યું હતું કે, આ વર્લ્ડ રેકોર્ડનો પ્રયાસ એવો નહોતો કે જેના માટે તેઓ અગાઉથી કોઈ ટ્રેનિંગ કે પ્રેક્ટિસ કરી શકે.

તેમણે ઉમેર્યું, "આના માટે તમે ખરેખર પ્રેક્ટિસ કરી શકો તેવો કોઈ રસ્તો નથી. તમારે તે ખાસ દિવસ માટે જ અવાજ બચાવી રાખવો પડે છે, ખાસ કરીને જ્યારે તે વિશ્વ રેકોર્ડનો પ્રયાસ હોય. માત્ર એક શબ્દ 'નાવ' બોલવા માટે મારે સાત પ્રયાસો કરવા પડ્યા હતા, અને ત્યારબાદના આગામી બે દિવસ સુધી મારો અવાજ સંપૂર્ણપણે બેસી ગયો હતો. એટલે ના, તમે આની ખરેખર પ્રેક્ટિસ ન કરી શકો. મેકગ્રેઇલ-બેટઅપે જણાવ્યું કે, જ્યારે તેઓ ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સમાં 'ટાઉન ક્રાઈંગ' (ઢંઢેરો પીટવાની કળા)ના ક્ષેત્રમાં કોઈ રેકોર્ડ શોધી રહ્યા હતા ત્યારે તેમને અન્નાલિસા ફ્લેનાગનના આ રેકોર્ડ વિશે અચાનક જાણવા મળ્યું હતું.

વર્ષ ૨૦૧૭માં જ્યારે દેશની રાજધાની કેનબરાના સત્તાવાર ટાઉન ક્રાયર તરીકે તેમની નિમણૂક કરવામાં આવી, ત્યારે તેઓ અવાજની આ સ્પર્ધાત્મકતા તરફ વળ્યા. આ સ્થાનિક સરકાર દ્વારા સ્થાપિત એક માનદ અને પાર્ટ-ટાઇમ ભૂમિકા છે, જેને તેઓ "આનંદ અને મનોરંજન" માને છે. તેમનું ટાઉન ક્રાયર નામ 'લોર્ડ જોસેફ' છે.





# યુરોપમાં કાળઝાળ ગરમી ચાલુ: ૨૬ દેશો સખત ગરમીની લપેટમાં

**ફ્રાન્સમાં** પાંચ દિવસમાં ૪૦નાં ડૂબી જવાથી મોત, જર્મનીમાં પાંચના મોત

**અકસ્માતનો** ભય ઉભો થતા ફ્રાન્સે એક અણુ મથક બંધ કરી દીધું

**બ્રિટનમાં** તોફાની વાવાઝોડું, હવે સખત ગરમીની આગાહી

પેરિસ, તા. ૨૩: યુરોપ હાલમાં ભારે હીટ ડોમ હેઠળ શેકાઈ રહ્યું છે, જેના કારણે ખંડના કેટલાક ભાગોમાં તાપમાન 46 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે. આ ગંભીર પરિસ્થિતિને લીધે મોતના આંકડા વધી રહ્યા છે અને આપત્તિનું જોખમ પણ સતત વધી રહ્યું છે. યુરોપના ૨૬ દેશો સખત ગરમીના મોજાની લપેટમાં આવી ગયા છે અને

તાપમાનમાં આ અચાનક આવેલો ઉછાળો સહારા રણમાંથી ઉત્તર તરફ આગળ વધી રહેલી ગરમ હવાને કારણે છે, જેને 'આફ્રિકન એન્ટિસાયક્લોન' તરીકે ઓળખાતી મજબૂત હાઈ-પ્રેશર સિસ્ટમથી વેગ મળી રહ્યો છે. હવામાનશાસ્ત્રીઓનું કહેવું છે કે આ સિસ્ટમ એક 'હીટ ડોમ' બનાવી રહી છે, જે પશ્ચિમ અને મધ્ય યુરોપ પર ગરમ હવાને રોકી રાખે છે. ફ્રાન્સમાં, 18 જૂનથી અત્યાર સુધીમાં ગરમીથી રાહત મેળવવાના પ્રયાસો દરમિયાન 40 લોકોના ડૂબી જવાથી દુ:ખદ મોત થયા છે. સરકારના ઇમરજન્સી રિસ્પોન્સ સેલે વીકએન્ડ દરમિયાન થયેલા ડૂબવાના બનાવો બાદ લોકોને તળાવો અને નદીઓ જેવા બિન-દેખરેખવાળા વિસ્તારોમાં નહાવા ન જવા ચેતવણી આપી છે. આ દુર્ઘટનાઓમાં એક 13 વર્ષની બાળકીનું પણ મોત થયું છે. એક પ્રવક્તાએ જણાવ્યું કે, ફ્રાન્સે તુલોઝ નજીક આવેલા એક અણુ વિજળી મથકના રિએક્ટરને બંધ કરી દીધું છે, કારણ કે રિએક્ટરને ઠંડુ કરવા નજીકની નદીમાંથી લેવામાં આવતું પાણી ખૂબ ગરમ થઈ ગયું હતું. તેવી જ રીતે, જર્મનીમાં પણ સ્વિમિંગ દરમિયાન જીવલેણ અકસ્માતોમાં મોટો ઉછાળો આવ્યો છે, જેમાં વીકએન્ડ દરમિયાન પાંચ લોકોના મોત થયા છે. બીજી તરફ, યુકેમાં આજે માત્ર બે કલાકમાં લંડનમાં અંદાજે 3,000 વખત વીજળી પડી હતી જ્યાં વાવાઝોડા અને મુશળધાર વરસાદે સમગ્ર દેશમાં અરાજકતા મચાવી દીધી છે. આ વાવાઝોડું શાંત પડ્યા બાદ બ્રિટનમાં તાપમાનમાં ભારે વધારો થવાની સંભાવના છે. એવી આગાહી કરવામાં આવી છે કે બુધવારે તાપમાન ૩૯ ડીગ્રી સે સુધી જશે, અને એવુ થશે તો ૫૦ વર્ષનો રેકર્ડ તૂટશે. સ્પેન, બેલ્જિયમ અને ઇટાલી પણ સખત ગરમીની અસર હેઠળ છે. ઇટાલીના ૧૫ શહેરોમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

# જેડી વેન્સના 'પાકિસ્તાન પ્રેમ' પર ભડક્યા યુએસ સેનેટર્સ

**યાદ** અપાવ્યો આતંકવાદીઓને આશરો આપવાનો કાળો ઈતિહાસ પાકિસ્તાન-કતાર સાચા મિત્રો નથી

વોશિંગ્ટન, તા. 23 (પીટીઆઈ): અમેરિકાના ઉપપ્રમુક જેડી વેન્સ દ્વારા પાકિસ્તાન માટે વ્યક્ત કરાયેલા પ્રેમની પૃષ્ઠભૂમિમાં, બે રિપબ્લિકન સેનેટર્સે કતાર અને પાકિસ્તાનના 'આતંકવાદીઓને આશરો આપવાના' ઈતિહાસને યાદ કરાવ્યો છે. ફ્લોરિડાના સેનેટર રિક સ્કોટે સોમવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર કહ્યું કે, હવે દરેકને સ્પષ્ટ થઈ જવું જોઈએ કે આપણા સાચા મિત્રો કોણ છે. પાકિસ્તાન અને કતાર આતંકવાદીઓને આશરો આપવાનો લાંબો ઈતિહાસ ધરાવે છે અને અત્યારે તેઓ કોઈ સાર્થક શાંતિ સ્થાપવાને બદલે ઈરાનના દાયકાઓ જૂના ત્રાસવાદી અભિયાનને ટેકો આપવામાં વધુ રસ ધરાવતા હોવાનું દેખાય છે. સ્વિટ્ઝર્લેન્ડમાં ઈરાન સાથે શાંતિ કરારની વાટાઘાટો દરમિયાન વેન્સે 'અમે પાકિસ્તાનને પ્રેમ કરીએ છીએ' એવી ટિપ્પણી કરી હતી, જેના જવાબમાં સ્કોટે આ વાત કહી છે.

બીજી તરફ, મોન્ટાનાના સેનેટર ટિમ શીહીએ ફોક્સ ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યુમાં અલકાયદાના વડા ઓસામા બિન લાદેનને આશરો આપવામાં પાકિસ્તાનની ભૂમિકા પર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે પાકિસ્તાને એક દાયકા સુધી બિન લાદેનને છુપાવ્યો હતો અને આઈએસઆઈ દ્વારા ત્રાસવાદીઓને ભંડોળ પૂરું પાડ્યું હતું. યુએસ નેવી સીલના ભૂતપૂર્વ કમિશન્ડ અધિકારીરી શીહીએ જણાવ્યું કે, જો પાકિસ્તાન અને કતાર વાટાઘાટોના ટેબલ પર હોય, તો અમેરિકાએ યુએઈ, ઈઝરાયેલ અને સાઉદી અરેબિયાને પણ આ ચર્ચામાં સામેલ કરવા જોઈએ, કારણ કે મધ્ય પૂર્વમાં આ જ અમેરિકાના સાચા સાથી દેશો છે. કતાર દાયકાઓથી આતંકવાદી સંગઠનો માટે મની લોન્ડરિંગ કરી રહ્યું છે.

# મમતા જે બેઠક હાર્યાં ત્યાં EVM-VVPAT સુરક્ષિત રાખવાનો આદેશ

**કલકત્તા** હાઈકોર્ટે કહ્યું- જરૂર પડ્યે તપાસ થશે

કોલકાતા, તા. 23: કલકત્તા હાઈકોર્ટે મંગળવારે પશ્ચિમ બંગાળની ભવાનીપુર વિધાનસભા બેઠકની મતગણતરી સાથે જોડાયેલા તમામ મહત્ત્વના પુરાવા સુરક્ષિત રાખવાનો આદેશ આપ્યો છે. અદાલતે પરિણામમાં ગેરરીતિના આરોપો પર સુનાવણી કરતાં કહ્યું હતું કે ઈવીએમ, વીવીપીએટી, સીસીટીવી ફૂટેજ અને અન્ય સંબંધિત રેકોર્ડ સુરક્ષિત રાખવામાં આવે. જસ્ટિસ ગૌરાંગ કાંતે મતગણતરી કેન્દ્ર બનેલી શેખાવતી મેમોરિયલ સ્કૂલની અંદર અને બહાર લાગેલા તમામ સીસીટીવી કેમેરાના ફૂટેજ સુરક્ષિત રાખવાનો પણ નિર્દેશ આપ્યો છે. કોર્ટે કહ્યું, "જરૂર પડ્યે આ તમામ પુરાવાઓની તપાસ કરવામાં આવશે. અદાલતની પરવાનગી વિના આને ન તો ભૂંસી શકાશે, ન બદલી શકાશે, ન નષ્ટ કરી શકાશે અને ન તો આની સાથે કોઈ પણ પ્રકારની છેડછાડ કરી શકાશે." અદાલતે આ મામલામાં તમામ સંબંધિત પક્ષોને સામેલ કરવાના આદેશ આપ્યા છે. આ અંતર્ગત શુભેન્દુ અધિકારી, તેમના સલાહકાર સુભ્રત ગુપ્તા અને સુનીલ અગ્રવાલને પક્ષકાર બનાવવામાં આવશે. ભવાનીપુર બેઠક પર શુભેન્દુ અધિકારીએ પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીને 15,105 મતોથી હરાવ્યા હતા.મમતા બેનર્જીએ 16 જૂને ભવાનીપુર બેઠકના ચૂંટણી પરિણામને કલકત્તા હાઈકોર્ટમાં પડકાર્યું હતું. મમતા ખુદ અરજી દાખલ કરવા હાઈકોર્ટ પહોંચ્યા હતા અને પરિણામની કાયદેસરતાની તપાસ કરવાની માંગ કરી હતી.

# ટેલિગ્રામની વાપસી: પ્લે સ્ટોર પર એપ ફરી લિસ્ટ થઈ

**કેટલાક** જૂના યુઝર્સ માટે ટેલિગ્રામ સવારે જ ચાલુ થઈ ગયું હતું

**એપલના** એપ સ્ટોર પર તે કેટલાક કલાકો સુધી ઉપલબ્ધ ન હતી એપને 30 જૂન સુધી મેસેજ-એડિટિંગ ફીચર બંધ રાખવાના નિર્દેશ

નવી દિલ્હી, તા. 23 (પીટીઆઈ): ઈન્સ્ટન્ટ મેસેજિંગ પ્લેટફોર્મ ટેલિગ્રામ પર સરકાર દ્વારા લાદવામાં આવેલા એક સપ્તાહના પ્રતિબંધની મુદત પૂરી થતાં મંગળવારે ભારતમાં તેની સેવાઓ પુનઃ શરૂ થઈ ગઈ છે. આ એપ ગૂગલના પ્લે સ્ટોર પર ફરી ઉપલબ્ધ થઈ ગઈ છે, જોકે એપલના એપ સ્ટોર પર તે કેટલાક કલાકો સુધી ઉપલબ્ધ ન હતી. મંગળવારે વહેલી સવારે ગૂગલે ડાઉનલોડ પ્રક્રિયા ઔપચારિક રીતે પુનઃસ્થાપિત કરી તે પહેલાં જ કેટલાક જૂના યુઝર્સ માટે ટેલિગ્રામ ચાલુ થઈ ગયું હતું. બપોરે 12 વાગ્યા સુધી આ એપ એપલના સ્ટોર પર લિસ્ટ થઈ ન હતી, પરંતુ આઈફોન વાપરતા જૂના યુઝર્સ આ મેસેજિંગ સેવાનો ઉપયોગ કરી શકતા હતા. મેડિકલ એન્ટ્રન્સ એક્ઝામ 'નીટ'ના લીક થયેલા અને નકલી પ્રશ્નપત્રોના પ્રસારને રોકવામાં પ્લેટફોર્મની નિષ્ફળતા અને અન્ય છેતરપિંડીભરી પ્રવૃત્તિઓનો હવાલો આપીને ભારત સરકારે 22 જૂન સુધી ટેલિગ્રામ અને તેની વેબ સેવાઓ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો હતો. ટેલિગ્રામે આ કામચલાઉ પ્રતિબંધના આદેશને દિલ્હી હાઈકોર્ટમાં પડકાર્યો હતો, પરંતુ કોર્ટે શુક્રવારે ચુકાદો આપ્યો હતો કે રાષ્ટ્રીય પરીક્ષાની અખંડિતતા જાળવવા માટે આ નિયંત્રણો કાયદેસર અને જરૂરી હતા. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર આ પ્રતિબંધના આદેશમાં કોઈ વધારો કે ફેરફાર કરવામાં આવ્યો નથી. જોકે, સરકારી સૂચનાઓ અનુસાર ટેલિગ્રામને 30 જૂન સુધી તેનું 'મેસેજ-એડિટિંગ' ફીચર બંધ રાખવા માટે અલગથી નિર્દેશ આપવામાં આવ્યો છે. બીજી તરફ, ટેલિગ્રામના સ્થાપક અને સીઈઓ પાવેલ ડુરોવે આ પગલાની ટીકા કરતા દાવો કર્યો હતો કે ભારતના આઈટી મંત્રાલયે માત્ર થોડા યુઝર્સ દ્વારા પ્રશ્નપત્રો શેર કરવા બદલ આખી એપ પર એક અઠવાડિયાનો પ્રતિબંધ મૂકી દીધો. ડુરોવે એવો પણ આક્ષેપ કર્યો હતો કે રિલાયન્સ અને વોટ્સએપની પેરેન્ટ કંપની મેટાએ આ પ્રતિબંધ માટે લોબિંગ કર્યું હોઈ શકે છે.

# ભારત-ચીને એકબીજાના મુખ્ય હિતોનું સન્માન કરવું 'અનિવાર્ય': ચીની વિદેશ મંત્રી

**બંને** દેશોએ દ્વિપક્ષીય સંબંધોને લાંબા ગાળાના અને વૈશ્વિક પરિપ્રેક્ષ્યથી જોવા જોઈએ

**ચીની** મંત્રીની વેપાર, નાણાં અને મીડિયા જેવા ક્ષેત્રોમાં સંવાદ પુન:સ્થાપિત કરવાની હાકલ

બીજિંગ, તા. 23 (પીટીઆઈ): ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ જણાવ્યું છે કે ભારત અને ચીન માટે એકબીજાના મુખ્ય હિતોનું સન્માન કરવું અનિવાર્ય છે અને નેતાઓ વચ્ચે બનેલી મહત્વપૂર્ણ સંમતિને અમલમાં મૂકવા નક્કર પગલાં લેવા જોઈએ. નવી દિલ્હીમાં યોજાયેલી બ્રિક્સ (BRICS) એનએસએ (NSA) બેઠક દરમિયાન સોમવારે વાંગ યી અને ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજીત ડોભાલ વચ્ચે યોજાયેલી બેઠકમાં આ વાતચીત થઈ હતી. આ બંને નેતાઓ સરહદ મુદ્દે પોતપોતાના દેશના વિશેષ પ્રતિનિધિ પણ છે.

વાંગ યીએ જણાવ્યું કે બંને દેશો હરીફ નહીં પણ ભાગીદાર છે. સૌથી મોટી વસ્તી ધરાવતી આ બંને અર્થવ્યવસ્થાઓએ દ્વિપક્ષીય સંબંધોને લાંબા ગાળાના અને વૈશ્વિક પરિપ્રેક્ષ્યથી જોવા જોઈએ. સંવેદનશીલ મુદ્દાઓને યોગ્ય રીતે હેન્ડલ કરીને સરહદ વિવાદને યોગ્ય સ્થાને રાખવો જોઈએ, જેથી તે એકંદર સંબંધોને અસર ન કરે. તેમણે વેપાર, નાણાં, કાયદા અમલીકરણ અને મીડિયા જેવા ક્ષેત્રોમાં સંવાદ પુન:સ્થાપિત કરવા પર ભાર મૂક્યો હતો.

બીજી બાજુ, ચીની વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુને મંગળવારે જણાવ્યું કે સરહદી વિસ્તારો સામાન્ય રીતે સ્થિર છે અને બંને પક્ષો 25માં રાઉન્ડની વાર્તાલાપની તૈયારી કરી રહ્યા છે.

ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે આ ચર્ચાને 'રચનાત્મક અને ભવિષ્યલક્ષી' ગણાવી હતી. અજીત ડોભાલે ભારપૂર્વક કહ્યું કે સ્થિર અને અનુમાનિત દ્વિપક્ષીય સંબંધો પરસ્પર વિશ્વાસ વધારે છે. વર્ષ 2020ની ગલવાન ઘાટીની હિંસક અથડામણ અને ત્યારબાદ 4 વર્ષથી વધુ સમય સુધી ચાલેલી સૈન્ય મડાગાંઠ બાદ, છેલ્લા 1 વર્ષમાં સંબંધો સુધારવા માટે શ્રેણીબદ્ધ પગલાં લેવાયા છે.

# કેલિફોર્નિયાની લાઈબ્રેરીમાં ગોળીબારમાં ૨નાં મોત

**પોલીસે** એક શંકાસ્પદને કસ્ટડીમાં લીધો

ચીકો (યુએસ), તા. ૨૩ (એપી) પોલીસના જણાવ્યા અનુસાર, ઉત્તરી કેલિફોર્નિયાની એક લાઈબ્રેરીમાં થયેલા ગોળીબારમાં બે લોકોનાં મોત થયાં છે અને એક શંકાસ્પદ વ્યક્તિ કસ્ટડીમાં છે. શહેરના પોલીસ વડા બિલી એલ્ડ્રિજે એક પત્રકાર પરિષદ દરમિયાન જણાવ્યું હતું કે, સોમવારે સાંજે ૫ વાગ્યા પછી તરત જ 911 પર કોલ આવ્યો હતો, જેમાં બ્યુટ કાઉન્ટી લાઈબ્રેરીની ચીકો બ્રાન્ચની અંદરથી ગોળીબારના અવાજો અને લોકોની ચીસો સંભળાતી હતી, જેના પગલે પોલીસે જવાબી કાર્યવાહી કરી હતી.

એકવાર અધિકારીઓ લાઈબ્રેરીની અંદર પહોંચ્યા પછી શંકાસ્પદ પાછળના ભાગથી ભાગી ગયો હતો.

એલ્ડ્રિજના જણાવ્યા અનુસાર, પોલીસે શંકાસ્પદને કસ્ટડીમાં લીધો હતો. એલ્ડ્રિજ કહ્યું હતું કે, "આજની સાંજની આ ઘટના દેખીતી રીતે જ ખૂબ જ દુ:ખદ, ઘણા લોકો માટે આઘાતજનક હતી. આપણા સમુદાય માટે ખૂબ જ આઘાતજનક છે."

લાઈબ્રેરીની આસપાસના રસ્તાઓ અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યા હતા અને બિલ્ડિંગની અંદર રહેલા લોકો માટે ફેમિલી રિયુનિફિકેશન સેન્ટર સ્થાપવામાં આવ્યું હતું.

### કરોડોની નાણાકીય છેતરપિંડી મામલે

# 'રાજેશ એક્સપોર્ટ્સ'ના 9 સ્થળો પર દરોડા

**આફ્રિકન** સોનાની ખાણોમાં કંપની દ્વારા કરાયેલું રૂ. 1,000 કરોડથી વધુનું રોકાણ તેની પેટાકંપનીઓના ચોપડે દર્શાવવામાં આવ્યું નથી

નવી દિલ્હી, તા. 23 (પીટીઆઈ): સેબી દ્વારા અગાઉ લગાવવામાં આવેલા મોટા નાણાકીય છેતરપિંડીના આક્ષેપો બાદ, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ મંગળવારે સોનાના શુદ્ધિકરણ અને જ્વેલરી ઉત્પાદન કરતી દિગ્ગજ કંપની 'રાજેશ એક્સપોર્ટ્સ' વિરુદ્ધ મોટી કાર્યવાહી કરી છે. કેન્દ્રીય એજન્સીના અધિકારીઓએ વિદેશી હૂંડિયામણ કાયદા (ફેમા)ની જોગવાઈઓ હેઠળ બેંગલુરુ સ્થિત આ કંપનીના બેંગલુરુ અને મુંબઈમાં આવેલા 9 પરિસરોમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. ઈડીના અધિકારીઓએ આક્ષેપ કર્યો છે કે, કંપની દ્વારા 20 મિલિયન ડોલરથી વધુની રકમ દેશની બહાર ગેરકાયદેસર રીતે મોકલવામાં આવી હતી અને એકાઉન્ટ બુકની સરખામણીએ કંપનીના ગોલ્ડ સ્ટોક ઈન્વેન્ટરીમાં 40 ટકાની મોટી વિસંગતતા જોવા મળી છે.

એજન્સી એ બાબતની પણ તપાસ કરી રહી છે કે શું આશરે 3,000 કરોડ રૂપિયાના ટ્રેડ રિસીવેબલ્સને નકલી સોનાની આયાત સામે સેટ-ઓફ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, આફ્રિકન સોનાની ખાણોમાં કંપની દ્વારા કરાયેલું 1,000 કરોડ રૂપિયાથી વધુનું કથિત રોકાણ તેની પેટાકંપનીઓના ચોપડે ક્યાંય દર્શાવવામાં આવ્યું નથી. સેબીએ અગાઉ પોતાના વચગાળાના આદેશમાં આક્ષેપ કર્યો હતો કે કંપનીએ નાણાકીય વર્ષ 2020-21થી 2024-25 દરમિયાન તેની સ્વિટ્ઝર્લેન્ડ સ્થિત પેટાકંપની 'વેલકેમ્બી એસએ' દ્વારા પોતાનું સંકલિત મહેસૂલ આશરે 15.15 લાખ કરોડ રૂપિયા જેટલું વધારીને દર્શાવ્યું હતું. જોકે, કંપનીના ચેરમેન રાજેશ મહેતાએ આ તમામ આક્ષેપોને નકારી કાઢ્યા છે અને જણાવ્યું છે કે તેઓ સેબી દ્વારા આદેશ કરાયેલા નવા ફોરેન્સિક ઓડિટમાં સંપૂર્ણ સહકાર આપશે.

### AI ક્ષેત્રે Nvidiaની મોટી ક્રાંતિ

# ડેટા સેન્ટર્સમાં પાણીનો વપરાશ હવે થઈ જશે 'ઝીરો'

**આ** કંપનીએ ડેટા સેન્ટરો માટે કૂલિંગની નવી સિસ્ટમ રજૂ કરી: તેના રૂબિન જનરેશન ઇન્ફ્રામાં પરંપરાગત કૂલિંગ સિસ્ટમની જરૂર રહેતી નથી

**ડેટા** સેન્ટરો દ્વારા પાણીના અઢળક વપરાશ અંગેની ચિંતાઓ વચ્ચે આશા જગાડતો અહેવાલ

ન્યૂયોર્ક, તા. ૨૩: Nvidiaએ એઆઈ ડેટા સેન્ટર્સ માટે કૂલિંગનો નવો અભિગમ રજૂ કર્યો છે, પાણીના વપરાશને શૂન્યની નજીક લાવી શકે છે, કારણ કે ઉદ્યોગ શક્તિશાળી AI સિસ્ટમ્સથી વધતી ઊર્જાની માંગ સામે સંઘર્ષ કરી રહ્યો છે. કંપનીની નવીનતમ રુબિન-જનરેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંપૂર્ણ લિક્વિડ-કૂલ્ડ ડિઝાઈનનો ઉપયોગ કરે છે જે પરંપરાગત એર કૂલિંગને દૂર કરે છે અને પાણી આધારિત કૂલિંગ પદ્ધતિઓ પરની નિર્ભરતાને નોંધપાત્ર રીતે ઘટાડે છે. તેનો હેતુ સ્થાનિક જળ સંસાધનો પર દબાણ વધાર્યા વિના હાઈ-પર્ફોર્મન્સ AI કમ્પ્યુટિંગને વધુ કાર્યક્ષમ બનાવવાનો છે.આ સિસ્ટમમાં, સીલબંધ કોલ્ડ પ્લેટ્સમાંથી વહેતા પ્રવાહીનો ઉપયોગ કરીને સીધા ચિપ સ્તરેથી ગરમી દૂર કરવામાં આવે છે. કૂલન્ટ ગરમીને શોષી લે છે અને બંધ લૂપમાં ફરે છે, જેનો અર્થ છે કે તેનો વપરાશ થવાને બદલે સતત ફરીથી ઉપયોગ થાય છે. એનવીડિયા કહે છે કે આ સેટઅપ ડેટા સેન્ટર્સને મોટા કૂલિંગ ટાવર્સ અને હેવી ફેન વાળી સિસ્ટમ્સથી દૂર રહેવા દે છે જે સિસ્ટમ ઊર્જા વપરાશ અને પાણીનો વપરાશ બંનેમાં વધારો કરે છે.

# હિમાચલ: કિન્નોરમાં બ્રિજ તૂટી પડતાં ટ્રક નદીમાં ખાબકી

**આ** દુર્ઘટનામાં ટ્રક-ડ્રાઇવરનો ચમત્કારિક બચાવ થયો

શિમલા, તા. 23 (PTI) હિમાચલ પ્રદેશના કિન્નોર જિલ્લામાં 190 ફૂટ લાંબો બેઈલી બ્રિજ ધરાશાયી થયો હતો અને તેને પાર કરી રહેલી એક ટ્રક સતલજ નદીમાં ખાબકી હતી. જોકે, તેના ડ્રાઈવરનો નજીવી ઈજાઓ સાથે આબાદ બચાવ થયો હતો. એમ અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું. આ ઘટના નેશનલ હાઈવે 5 (જૂનો હિંદુસ્તાન-તિબેટ રોડ) પર રેકોંગ અને તાપરી વચ્ચે ઉર્ની ઢાંક નજીક બની હતી જ્યારે ટ્રક બ્રિજ પરથી પસાર થઈ રહી હતી.

જ્યારે રેતીથી ભરેલી 10 ટાયરવાળી ડમ્પર ટ્રક બીજી તરફ પહોંચવાની જ હતી ત્યારે જ બ્રિજ તૂટી પડ્યો હતો. આ રોડ લાહૌલ અને સ્પીતિને કિન્નોર જિલ્લા સાથે જોડે છે. બ્રિજ ધરાશાયી થયા બાદ થોડા સમય માટે વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો, જેના કારણે મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. પરિણામે, વાહનોને વૈકલ્પિક માર્ગો પર વાળવામાં આવ્યા હતા. તાપરી એસએચઓના નેતૃત્વમાં એક પોલીસ ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી, ત્યાર બાદ ટ્રકના ડ્રાઈવરને બચાવી લેવાયો હતો અને નજીકની હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો. તેને મામૂલી ઈજાઓ થઈ છે. કિન્નોર વહીવટીતંત્રે નેશનલ હાઈવે સત્તાવાળાઓને વહેલી તકે બ્રિજનું સમારકામ કરવા સૂચના આપી છે. ઉર્ની ઢાંક એ સૌથી વધુ ભૂસ્ખલન-સંભવિત વિસ્તારોમાંનો એક હોવાથી અને પર્વતોમાંથી ભારે કાટમાળ અને પથ્થરો પડવાને કારણે તથા ભૂસ્ખલનને લીધે વારંવાર બ્લોક થઈ જતો હોવાથી આ બ્રિજનું નિર્માણ કરીને 2016માં એક વૈકલ્પિક માર્ગ બનાવવામાં આવ્યો હતો.

### 12 રૂપિયાનું ડાયપર લીક નથી થતું, તો NTAથી પેપર કેમ લીક થાય છે?

# CJPએ પેપર લીકના વિરોધમાં 'ડાયપર ડોનેશન ડ્રાઈવ' શરૂ કરી

**CJPએ** શિક્ષણ મંત્રીના રાજીનામાની માગ લખીને ડાયપર મગાવ્યા જે તેઓ શિક્ષણ મંત્રી સુધી પહોંચાડશે

નવી દિલ્હી, તા. 23 (પીટીઆઈ): નીટ (NEET-UG) પરીક્ષાના કથિત પેપર લીક મામલે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ સાથે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર કોકરોચ જનતા પાર્ટીએ (CJP) મંગળવારે એક અનોખી 'ડાયપર ડોનેશન ડ્રાઈવ' (ડાયપર દાન અભિયાન)ની જાહેરાત કરી છે.

દિલ્હીના જંતર-મંતર ખાતે શનિવારથી ચાલી રહેલા આ ધરણા પ્રદર્શનના ચોથા દિવસે પાર્ટીએ સમર્થકોને અપીલ કરી છે કે તેઓ પ્રદર્શન સ્થળે ડાયપર લઈને આવે અને તેના પર શિક્ષણ મંત્રીના રાજીનામાની માગ લખીને 'ડાયપર એ ડે કીપ્સ લીક્સ અવે' અભિયાનમાં ભાગ લે. પાર્ટીએ જણાવ્યું કે આ ડાયપર તેઓ શિક્ષણ મંત્રી સુધી પહોંચાડશે.

પ્રદર્શનકારીઓનું કહેવું છે કે જ્યારે 12 રૂપિયાનું ડાયપર બનાવનાર કંપની પણ લીકેજ ન થવાની ગેરંટી લે છે તો એનટીએ અને શિક્ષા મંત્રાલય દેશની સૌથી મોટી પરીક્ષાઓમાં પેપર લીક કેમ રોકી શકતું નથી.